# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦





**તા.૨૮/૦૪/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૪ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૫૫૮/૨૦૨૫**

ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૨૨૩/૧૯૯૮ ઈપીકો કલમ ૩૪૧, ૩૦૭, ૩૯૫, ૩૯૭, ૩૯૮, ૧૨૦(બી), ૨૧૨ મુજબ તથા સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી (૧) જોગીન્દર ત્રીભોવનદાસ રાજભર (રહે.શાહ આલમ, નવાનગરના છાપરા, મણીનગર અમદાવાદ મુળ વતન- ગોરીબજર, તા.ગોરીબજર, જી.ગોરખપુર, યુ.પી.) અને (૨) રામસિંહ જગન્નાથસિંહ ઠાકુર (રહે.ચંડોળા તળાવ, નવાબંગારાણા છાપર, મણીનગર, અમદાવાદ મુળ રહે. નાગદા તા.કુલાવત જી.મોતીહારી બિહાર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી જે.આઇ.પટેલ સાહેબ, ન્યાયાધીશ કોર્ટ, કોમર્શીયલ કોર્ટ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૫૫૯/૨૦૨૫**

**નવરંગપુરાઃ** રાજેશભાઈ રમેશચંન્દ્ર શાહ (ઉ.વ.૪૯)(રહે.આર્જવ સોસાયટી, ગુલમોહર મોલ સામે સેટેલાઈટ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રાજેશભાઇ નાઓ અભિષેક કોમ્પલેક્ષમાં બીજા માળે "જવેલેરી હાઉસ" નામે સોના-ચાંદીની હોલસેલની દુકાન ધરાવી સોના-ચાંદીનો વેપાર-ધંધો કરે છે. તા.૨૬/૦૪/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રાજેશભાઇના મોબાઈલમાં અજાણ્યા નંબર ૮૪૯૦૦૩૬૫૦૨ અને ૮૪૦૧૪૬૭૧૦૬ ઉપરથી ફોન કરનાર અજાણી વ્યકિતએ જણાવેલ કે "હુ સી.જી.રોડ ખાતે આવેલ સુપર મોલમાં ન્યુ રમેશકાંતી આંગડીયા પેઢીમાંથી બોલુ છુ, આજે તમારે કોઈ રૂપિયા આવવાના હતા કે કેમ? તેમ પુછતા રાજેશભાઈએ જણાવેલ કે અમારે સોના-ચાંદીનો વેપાર હોઇ આજે ૨૦ લાખ આવવાના છે" તેમ કહેતા અજાણી વ્યકિતએ કહેલ કે "તમારા ૨૦ લાખ રૂપિયા મારી આંગડીયા પેઢીમાં આવેલ છે પણ હાલ મારી અમદાવાદવાળી પેઢીમાં પેમેન્ટ નથી. જો તમારે અહીથી લેવા હોય તો તેના ઉપર ચાર્જ લાગશે અને તમારા ૨૦ લાખ રૂપીયા મુંબઈ ખાતે પડેલ છે, જો તમે મુંબઈથી લેશો તો કોઈ ચાર્જ થશે નહી" તેમ કહેતા રાજેશભાઈએ જણાવેલ કે "હુ મારા ૨૦ લાખ રૂપિયાનુ પેમેન્ટ મુંબઈ ખાતેથી લેવડાવી લઈશ". ત્યારબાદ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યકિતએ તેના વોટસઅપ નંબર-૯૦૮૧૫૬૦૯૨૫ ઉપરથી વોટસઅપ કોલ કરી રાજેશભાઇને જણાવેલ કે "મારે અર્જન્ટ રૂપિયા ૧૪ લાખની જરૂર પડેલ છે જે મારે રાજસ્થાન ખાતે આવેલ બાલોતરા ખાતે મોકલવાના છે, તો તમે સી.જી.રોડ ઉપર આવેલ ઈસ્કોન આર્કેડ મોલમાં વી.પટેલ નામની આંગડીયા પેઢીમાં રૂપિયા જમાં કરાવી મને ત્યાંથી વાત કરાવજો હુ તમારી તમામ રકમ બપોરના ૪/૦૦ વાગ્યા પછી મુંબઈ ખાતેથી ચુકવી આપીશ" તેમ કહેતા રાજેશભાઈની દુકાનમાં કામ કરતા સંજયભાઈએ રાજેશભાઇના કહેવાથી દુકાનમાંથી રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- લઈ ઈસ્કોન આર્કેડ મોલમાં આવેલ વી.પટેલ નામની આંગડીયા પેઢીમાં રૂપિયા જમા કરાવેલા હતા. ત્યારબાદ બપોરના ૪/૦૦ વાગે અજાણી વ્યક્તિના બંને મોબાઈલ નંબર ઉપર ફોન કરતા બંને નંબરો સ્વીચ ઓફ હતા. જે અજાણી વ્યક્તિએ રાજસ્થાન બાલોતરા ખાતેથી ૧૪,૦૦,૦૦૦/- રૂપિયા મેળવી લઇ રાજેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૬૦/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** શૈલેષભાઈ જમાલભાઈ ડીંડોલ (ઉ.વ.૧૮)(હાલ રહે.ચાણકયપુરી બ્રીજ નીચે કાચના મંદીરની બાજુમાં ચાણકયપુરી ઘાટલૉડીયા) તા.૨૭/૦૪/૨૦૨૫ સવારના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઓગણજ રીંગ રોડ સોલા-૯ બ્રધર્સ પાર્ટી પ્લોટ સામે ફર્નીચરનો માલ સામાન મુકવા માટે નવા બનતા ગોડાઉન ખાતે બાથરૂમની દિવાલ ઉપર સીમેન્ટનો માલ સાફ કરતી વખતે વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન બપોરના ૧૨/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૬૧/૨૦૨૫**

**નારોલઃ** સંજય કૈલાશચંદ્ર ડામોર (ઉ.વ.૧૪)(હાલ રહે.નારોલ લક્ષ્મી ઇટનીયા કળશ-૨ સામે સાઇટ ઉપર, મુળ રહે.ગામ- પોછીપાડા મૌચાવાસા, તા.ભીમપુર જી.બાસવાડા રાજસ્થાન) તા.૨૭/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે લક્ષ્મી ઇટનીયા કળશ-૨ સામે સાઇટના "એમ" બ્લોકના ત્રીજા માળની છત ઉપરથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૧૨/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૬૨/૨૦૨૫**

**શાહીબાગઃ** જલ્પાબેન નરેશભાઇ લખવારા (ઉ.વ.૨૨)(રહે.મનુભાઇની ચાલી, નિલકંઠ મહાદેવની ચાલી અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.ડામોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી